# ભા.કૃ.અનુ.પ.-સીફા, આણંદ દ્વારા "મત્સ્યપાલન પર વાતાવરણના ફેરફારની અસર" પર ચર્ચા-જનજાગૃતિ કાર્યક્રમ

ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર ભા.કૃ.અનુ.પ.-કેન્દ્રિય મીઠા પાણી જીવપાલન અનુસંધાન સંસ્થાન(સીફા) દ્વારા નિકરા પ્રોજેકટ અંતર્ગત "મત્સ્યપાલન પર વાતાવરણના ફેરફારની અસર" વિષય પર એક દિવસીય ચર્ચા - જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન૧ માર્ચ, ૨૦૧૭ ના રોજ આણંદમાં કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ૫૦ થી ઉપર મત્સ્ય ખેડૂતો, પ્રગતિશીલ મત્સ્ય ખેડૂતો, કામધેનુ યુનિવર્સિટીના વિધાર્થીઓ, મત્સ્ય ખાતાના અધિકારીઓ, વૈજ્ઞાનિકો, શિક્ષણશાસ્ત્રીઓ વગેરેએ ભાગ લીધેલ. ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર-સીફા અને આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા વાતાવ્રણમાં ફેરફાર અને તેની અસરનો ઉપાય, પાણી ભરેલ જગ્યા પર તાપમાનની અસર, વાતાવરણના ફેરફારની મત્સ્ય સંર્વધન અને ઉત્પાદન પર અસર, મત્સ્ય સંર્વધનની ગુજરાત રાજયની સ્થિતિ પાણીની ગુણવત્તા વગેરે વિષયો પર તકનિકી વાર્તાલાપ અને ચર્ચા કરવામાં આવી

ઉદ્ઘાટન કાર્યક્રમમાં ડૉ. જી. જી. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કેવિકે, દેવાતજે તીવ્ર વરસાદના પ્રસંગોની વધતી જતી સંખ્યા અને વરસાદી દિવસોની ઘટતી જતી સંખ્યાથી મત્સ્ય સંર્વધન પર થનારી અસર ઉપર જાણકારી આપી. પ્રોફેસર વી. બી. વૈધ, કૃષિ વાતાવરણ વિભાગ, આ.કૃ.યુ., આણંદે આગળના વર્ષોમાં તાપમાન કઇ રીતે વધશે તે જણાવ્યુ. શ્રી મહેશભાઈ થલોટીયા, મત્સ્ય ખાતુ, ગુજરાત સરકાર દ્વારા ગામ તળાવમાં મત્સ્ય સંર્વધન ઉપર વાતાવરણના અસરની જાણકારી આપી

કાર્યક્રમના આરંભમાં ડૉ. સી. કે. મિશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી, સીફા, આણંદે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, મત્સ્ય ખેડૂતો, વિધાર્થીઓ અને ભાગ લેનાર સૌનું હાર્દીક સ્વાગત કર્યુંહતુ તથા કાર્યક્રમની વિગત આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ અજીત ચૌધરી, અને શ્રી સુનિલ એસ એલ, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર સીફા, આણંદ દ્વારા કરવામાં આવ્યું હતું




**Lighting the lamp during inaugaration**



**Inaugral address by Dr. G.G. Patel, Sr. Scietist, KVK, AAU, Anand**



**Address by Prof. V.B. Vaidya, Dept. of Agri. Meteorology, AAU, Anand**



**Farmers perception on climate change during the programme**




**Interactive discussion during the programme**



**Paricipants attended the programme**